RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 269* Date: 26.07.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં ૪૯ હજારથી વધુ પોઝિટિવ કેસ, ૭૫૭ના મોત

# કોરોના ભયાવહ: દેશમાં ૪૮ કલાકમાં અધધ... ૧ લાખ કેસ...!!

### દેશમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૧૩.૩૬ લાખને પાર, મૃત્યુઆંક ૩૧,૩૫૮એ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૩૨,૨૨૩ દર્દીઓ સાજા થયા

*ન્યુ દિલ્હી,તા.૨૫*

અન્ય દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોનાએ સ્થાયી મુકામ કર્યો હોય તેમ અનલોક-૨ના ૨૪મા દિવસે પણ ૪૯ હજાર જેટલા નવા કેસો ઉમેરાયા હતા, તો વધુ ૭૫૭ લોકોના મોત થયા હતા. આ સાથે જ કુલ કેસો હવે વધીને ૧૩ લાખને પાર એટલે કે ૧૩ લાખ ૩૬ હજાર ૮૬૧ થયો છે અને કુલ મૃત્યુઆંક વધીને ૩૧૩૫૮ થયો છે. આ ૪૮ કલાકમાં જ કોરોના સંક્રમણના નવા કુલ ૯૮,૨૨૬ કેસ પ્રકાશમાં આવ્યા છે, જે ૧ લાખની આસપાસ છે. આજે શનિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના શુક્રવારના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. જે દર્શાવે છે કે કોરોના ભારતમાંથી જલ્દી વિદાય લે એમ જણાતું નથી. કેસો ઘટવાને બદલે હવે દિવસે દિવસે વધી રહ્યાં છે અને છેલ્લાં બે-અઢી દિવસમાં જ એક લાખ કેસો સામે આવ્યાં છે. જો આ જ પ્રમાણમાં કેસો વધવાનું વલણ રહ્યું તો સોમવારે કેસો ૧૪ લાખને પાર કરી જાય તેમ છે. કુલ સક્રિય કેસોની સંખ્યા હવે ૪,૫૫,૦૮૯ થઇ છે અને સાજા થયેલા લોકોની સંખ્યા પણ ૮,૫૦,૧૦૭ થઇ છે. આમ સાજા થયેલાની સંખ્યા સારવાર હેઠળના કેસો કરતાં બમણી થઇ છે. જે એક સારી બાબત કહી શકાય. શુક્રવારે મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૯૬૧૫ , આંધ્રપ્રદેશમાં ૮૧૪૭ અને તમિલનાડુમાં ૬૭૮૫ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. જ્યારે મૃત્યુઆંક પણ વધીને ૩૦ હજારથી ઉપર જતાં . કોરોનાથી થતા મૃત્યુદરમાં ભારત ફ્રાન્સને પાછળ છોડીને યાદીમાં છઠ્ઠા ક્રમે પહોંચ્યુ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય મુજબ દેશમાં કોરોના સંક્રમણના દર્દીઓનો રિકવરી રેટ ૬૩.૪૫ ટકા છે જ્યારે મૃત્યુદર ૨.૩ ટકા છે. તો મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ કોરોના પોઝીટીવ આવતાં ભાજપમાં હલચલ મચી હતી.

આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૧૩ લાખને પાર થઇ ગયો હતો.. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૪૮૯૧૬ કેસ નોંધાતા કુલ કેસ ૧૩૩૬૮૬૧ થઈ ગયા છે.

જોકે, એક રાહતરૂપ બાબત



સમાન ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૨૨૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૮૪૯૪૩૨ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૭૫૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોનાના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૩૧૩૫૮ સુધી પહોંચી ગઈ છે.

દિલ્હીમાં ટૂંક સમયમાં સિનેમાઘરોને ખોલી દેવાશે. જેના માટે રાજધાનીના સિનેમાઘરોમાં તૈયારી શરૂ કરી દેવાઈ છે. PVR સિનેમાના CEO દત્તાએ કહ્યું કે, અમે સેનેટાઈઝેશન અને માસ્ક લગાડવા જેવા નિયમોનું પાલન કરીશું.

મહારાષ્ટ્રના નાગપુરમાં શનિવાર અને રવિવારે જનતા કર્ફ્યૂ લગાડવામાં આવ્યું છે. આજે સવારે બજાર બંધ રહ્યા અને રસ્તા ખાલી જોવા મળ્યા. નાગપુરમાં અત્યાર સુધી ૩ હજારથી વધુ કેસ સામે આવી ચુક્યા છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૩૫૭૧૧૭ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે જ્યારે ૧૩૧૩૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૯૭૪૯ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૩૩૨૦ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૨૮૩૮૯ કેસ નોંધાયા છે જ્યારે ૩૭૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કર્ણાટક આ યાદીમાં ચોથા સ્થાન પર પહોંચી ગયું છે. કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૮૫૮૭૦ કેસ નોંધાયા છે જ્યારે ૧૭૨૪ લોકોના મોત થયા છે. ત્યારબાદ આંધ્ર પ્રદેશ ૮૦૮૫૮ કેસ સાથે પાંચમાં અને ઉત્તર પ્રદેશ ૬૦૭૭૧ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે.

અનલોક ભારતમાં કોરોના સંક્રમણના કેસોના વધતા પ્રમાણ પર નજર નાંખીએ તો ગયા ૨૧ દિવસમાં બે ગણા કેસ થયા છે. ૨ જૂલાઇના રોજ ભારતમાં કુલ કેસ ૬ લાખ હતા એની સામે ૨૪ જૂલાઇએ કુલ કેસ ૧૩ લાખથી વધી ગયા છે. ગયા શુક્રવારે દેશમાં કોરોના સંક્રમણના કુલ કેસ ૧૦ લાખ હતા જ્યારે સાત જ દિવસમાં નવા ત્રણ લાખ કેસ સામે આવ્યા છે.

આઈસીએમઆર દ્વારા જારી રિપોર્ટ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૪ લાખથી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. શુક્રવારે ૪.૨૦ લાખ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા. આ નવા ટેસ્ટ કરાવાયા બાદ દેશમાં મહામારી ફેલાયા બાદથી અત્યાર સુધી ૧,૫૮,૪૯,૦૬૮ લોકોના કોરોના ટેસ્ટ થઈ ચૂક્યા છે.

### બેંકોનું એનપીએ ચાલુ વર્ષના અંત સુધીમાં વધીને ૧૨.૫ ટકા થશે

# બેંકોના NPAમાં ૨૦ વર્ષનો સૌથી મોટો ઉછાળો આવશે

### દેશનો વિકાસદર ૪.૪ ટકા સુધી ઘટે તેવું અનુમાન, વધુ ખરાબ સ્થિતિમાં જીડીપી દર -૮.૯ ટકા ગગડે તેવી શક્યતા

મુંબઇ,તા.૨૫

છેલ્લા પાંચેક વર્ષથી એનપીએનાઅ ડુંગર તળિયે દબાયેલ ભારતીય બેંકિંગ સેક્ટર માટે કોરોના ઈતિહાસનો સૌથી કપરોકાળ બનવા જઈ રહ્યો છે. આર્થિક મહામંદી સમયે પણ ન સર્જાઈ હોય તેવી સ્થિતિ મંદ અર્થતંત્ર બાદ હવે કોરોનાને પગલે સર્જાવાના એંધાણ છે.

ભારતની સેન્ટ્રલ બેંક આરબીઆઈએ જ એક રીપોર્ટમાં કબૂલ્યું છે કે નબળી બેંકિંગ સિસ્ટમ પર કોરોનાની ઘાતક અસર થવા જઈ રહી છે. અગાઉ જ સ્ટ્રેસનો સામનો કરી રહેલ બેંકિંગ જગતને આગામી વર્ષમાં ભારે ફટકો પડશે. જુલાઈ, ૨૦૨૦ના ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી રીપોર્ટમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આશંકા વ્યકત કરી છે કે બેંકોની ગ્રોસ બેડ લોન એટલેકે ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટ બે દશકમાં સૌથી વધુ રહેશે. કોરોનાને કારણે થયેલ અર્થતંત્રની ખાનાખરાબી અને લોકડાઉનને પગલે ઠપ્પ થયેલ ધંધા-રોજગાર દબાણ અનુભવી રહેલ બેંકિંગ જગતને હવે ખાડામાં ધકેલશે.

સરકારે આરબીઆઈ સાથે મળીને વિશ્વના સૌથી મોટા અને લાંબા લોકડાઉનમાં લોનધારકોને રાહત આપવા માટે આપેલ લોન મોરેટોરિયમની સુવિધા મહદઅંશે કામ કરશે પરંતુ, ટૂંકા ભવિષ્યમાં સમગ્ર અર્થતંત્ર પાટે ચઢતા વાસ્તવિક ચિત્ર સામે આવશે અને તે બેંકો માટે ભયાવહ સાબિત થઈ શકે છે.

આરબીઆઈના એફએસઆરમાં ટાંક્યા મુજબ 'ખૂબ જ ખરાબ સ્થિતિ'માં બેંકોના ગ્રોસ એનપીએ માર્ચ, ૨૦૨૧ના રોજ કુલ બેંકિંગ લોનના ૧૪.૭% થવાની આશંકા છે. માર્ચ, ૨૦૨૦માં આ રેશિયો ૮.૫% હતો,જે 'સામાન્ય સ્થિતિ'માં માર્ચ, ૨૦૨૧ના અંતે ૧૨.૫% રહેશે.

આરબીઆઈનો આ ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી રીપોર્ટ ૫૩ શિડ્યુઅલ કોમર્શિયલ બેંકની બેલેન્સશીટને પણ આવરી લે છે. આરબીઆઈના આંકડા અનુસાર



અત્યારસુધીનો ગ્રોસ એનપીએનો સૌથી ખરાબ આંકડો માર્ચ, ૨૦૨૦માં ૧૨.૭%નો હતો. સ્ટાન્ડર્ડ એન્ડ પૂઅર્સના ૩૦ જુનના રીપોર્ટમાં પણ આશંકા વ્યકત કરાઈ હતી કે બેંકના ગ્રોસ એનપીએ ૧૩-૧૪%ની વચ્ચે રહી શકે છે.

માત્ર ભારત નહિ પરંતુ, વૈશ્વિક અર્થતંત્રની પણ કથળતી જતી સ્થિતિને કારણે ભારતની ખાનગી અને ફોરેન બેંકોની બેડલોનમાં જોરદાર વધારો થવાની ભીતિ છે. રીઝર્વ બેંકના રીપોર્ટ અનુસાર બેઝલાઈન સ્થિતિમાં દેશનો વિકાસદર ૪.૪% સુધી ઘટી શકે છે અને વધુ ખરાબ સ્થિતિમાં ભારતનો જીડીપી દર -૮.૯% સુધી પણ ગગડી શકે છે.

### ૩માંથી ૨ દર્દીઓના કાનમાં કોરોનાવાયરસ મળ્યો

# ચોંકાવનારું રિસર્ચ: કોરોના પોઝિટિવ મૃતકના કાનમાં કોરોના વાયરસ મળ્યો

વોશિંગ્ટન,તા.૨૫

કોરોનાવાયરસ નાક અને ગળા દ્વારા જ સંક્રમિત થાય છે તેવું અત્યાર સુધીના તારણોમાં બહાર આવ્યું હતું. પરંતુ અમેરિકામાં એક નવું ચોંકાવનારું રિસર્ચ બહાર આવ્યું છે તેમાં આ જીવલેણ વાયરસ કાન અને તેની પાછળ જોડાયેલા હાડકાં મેસ્ટૉઈડને પણ સંક્રમિત કરી શકે છે. આ પ્રકારના ૨ કેસ અમેરિકામાં જોવા મળ્યા છે. સંશોધકોના જણાવ્યા અનુસાર ૩ સંક્રમિતોમાંથી ૨ લોકોને કાન અને ૧ વ્યક્તિમાં મેસ્ટૉઈડમાં કોરોનાવાયરસ જોવા મળ્યો હતો.

અમેરિકાની જહોન હોપ્કિન્સ સ્કૂલ ઓફ મેડિસીનના રિસર્ચર્સનું કહેવું છે કે, જે લોકોમાં કોરોનાના લક્ષણો જોવા મળી રહ્યા છે તેમના કાનની પણ તપાસ થવી જોઈએ. હવે રિસર્ચમાં સાબિત થયું છે કે, કોરોનાવાયરસ શરીરના અંદરના કોઈ પણ ભાગમાં પ્રવેશી શકે છે. તે નાક, ગળાં અને ફેફસાંને સંક્રમિત કરી શકે છે. કાનમાં કોરોનાવાયરસની હાજરી ચોંકાવનારી છે.

જે`અ`અ`મ અ` ઓટોલાર્યન્ગોલોજી નામની મેડિકલ જર્નલમાં પ્રકાશિત થયેલાં રિસર્ચ પ્રમાણે, માથા અને ગળાંની સર્જરી કરનારી ટીમે કોરોનાના ૩ દર્દીઓનું અવલોકન કર્યું છે. આ તમામ ૩ દર્દીઓનું મૃત્યુ થયું છે. તેમાં ૧ મહિલા અને ૧ પુરૂષની ઉંમર ૬૦ વર્ષની હતી અન્ય એક મહિલા ૮૦ વર્ષના હતા. તેમનાં શરીરનાં અંગોમાંથી સ્વૉબ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

૮૦ વર્ષની ઉંમરની મહિલાના જમણાં કાનમાં કોરોનાવાયરસ જોવા મળ્યો હતો. ૬૦ વર્ષના પુરૂષના ડાબાં અને જમણાં બંને મેસ્ટૉઈડમાં કોરોનાવાયરસ જોવા મળ્યો હતો. સંશોધકોના મતે આ પ્રથમ વખત નથી કે કોરોના કાનના કોઈ ભાગમાં જોવા મળ્યો હોય. એપ્રિલ ૨૦૨૦માં પણ કાનમાં સંક્રમણ જોવા મળ્યું હતું, ત્યારે દર્દીના ઈયર ડ્રમમાં સોજો આવી ગયો હતો.

### તાવ-ખાંસીની ફરિયાદ હોવાથી મુખ્યમંત્રીનો ટેસ્ટ કરાયો હતો

# મ.પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ કોરોના પોઝિટિવ

ભોપાલ,તા.૨૫

દેશમાં કોરોનાના કહેર વચ્ચે સામાન્ય માણસથી લઈને રાજનેતા પણ બચ્યા નથી. મધ્યપ્રદેશમાં ધારાસભ્યો અને મંત્રીઓ પછી હવે ખુદ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહણ પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. શિવરાજસિંહે પોતે આ અંગે ટ્વિટ કરીને જાણકારી આપી છે. શિવરાજ સિંહ દેશમાં પહેલા એવા મુખ્યમંત્રી છે જે કોરોના પોઝિટિવ આવ્યા છે.

શિવરાજ ચૌહાણે ટ્વિટ કરીને લખ્યું કે 'હું કોરોના પોઝિટિવ આવ્યો છું. મારા તમામ સાથીઓને અપીલ છે કે જેઓ પણ મારા સંપર્કમાં આવ્યા છે. તેઓ પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લે. મારા નજીકમાં સંપર્કમાં રહેતા તમામ લોકો સેલ્ફ ક્વોરન્ટીન થઈ જાય. હું કોરોના ગાઇડલાઇનું પૂર્ણ પાલન કરી રહ્યો છું. ડોક્ટરની સલાહ મુજબ પોતાને ક્વોરન્ટીન કરીશ અને સારવાર કરાવીશ. રાજ્યના દરેકને મારી અપીલ છે કે સાવધાની રાખો. જરા સરખી પણ અસાવધાની કોરોનાને આમંત્રણ આપી શકે છે.'

મે કોરોનાથી બચવા માટે તમામ સંભવિત પ્રયાસ કર્યા હતો જોકે ફરજના ભાગ રુપે લોકોની સમસ્યા દૂર કરવા માટે અનેક લોકોને રોજ મળવાનું થતું હતું. મારી ફરી એકવાર સલાહ છે કે જે પણ લોકો મને હાલ થોડા સમયમાં મળ્યા છે તે પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લે. યોગ્ય સમયે સારવારથી કોરોના બિલકુલ ઠીક થઈ જાય છે. હવે શક્ય હશે ત્યાં સુધી હું વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોરોના સમીક્ષા જેવા મહત્વપૂર્ણ કાર્યો કરીશ. મારી અનુપસ્થિતિમાં આ બેઠક ગૃહમંત્રી નરોત્તમ મિશ્રા, નગરીય વિકાસ અને પ્રશાસન મંત્રી ભૂપેન્દ્ર સિંહ, સ્વાસ્થ શિક્ષણ મંત્રી વિશ્વાસ સારંગ અને આરોગ્ય મંત્રી ડો. પ્રભુ રામ ચૌધરી કરશે. તમે સાવધાન રહો સુરક્ષિત રહો અને ગાઇડલાઇનું પાલન જરુર કરો.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા: ૧૦૮૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૫૪૭૧૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૨૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા : ૭૮૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૩૯૬૧૨**

### વડાપ્રધાનના કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરી

# મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અયોધ્યામાં: રામલલ્લાના દર્શન કરી આરતી ઉતારી

લખનૌ,તા.૨૫

આગામી ૫ ઓગષ્ટના રોજ શ્રી રામજન્મભૂમિ મંદિરના ગર્ભગૃહમાં ભૂમિ પૂજન માટે અયોધ્યા આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમની તૈયારીની કમાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતે જ સંભાળી લીધી છે.

સીએમ યોગી આદિત્યનાથ શનિવારે એટલે કે આજે બપોરે અયોધ્યા પહોંચ્યા હતા અને તેમણે રામલલ્લાના દર્શન કરીને તેમની આરતી ઉતારી હતી. તે સમયે ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને મુખ્ય પુજારી આચાર્ય સતેન્દ્ર પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શ્રી રામજન્મભૂમિ પરિસરમાં વડાપ્રધાન મોદીના આગમન માટે જે રૂપરેખા ઘડવામાં આવી છે તેની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રી ઈચ્છે છે કે કાર્યક્રમમાં કશું એવું બને કે લોકોને તેનો અલગ સંદેશો મળે.

આ માટે મુખ્યમંત્રી પોતે જ અધિકારીઓ અને સાધુઓનો ફિડબેક મેળવી રહ્યા છે. તેઓ પોતે જ એક-એક જગ્યાએ જઈને અધિકારીઓ સાથે વાત કરી રહ્યા છે અને ભાવિ તૈયારીઓની સમીક્ષા કરી રહ્યા છે. મુખ્યમંત્રીએ સૌથી પહેલા હનુમાનગઢી ખાતે પૂજા-અર્ચના કરી હતી અને બાદમાં તૈયારીઓની સમીક્ષા કરી હતી.

આ કાર્યક્રમમાં વડાપ્રધાનને આમંત્રણ આપવામાં આવ્યું છે પરંતુ હજુ સુધી તે આવશે કે કેમ તે નક્કી નથી. તે સિવાય કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને વધારે લોકો એકત્રિત ન થાય તેનું ધ્યાન પણ રખાઈ રહ્યું છે. મુખ્યમંત્રી અયોધ્યા પહોંચ્યા તેના પહેલા સમગ્ર મંદિર પરિસરને સારી રીતે સેનિટાઈઝ કરી દેવામાં આવ્યું હતું અને મુખ્ય પુજારીએ તેમને ફૂલ માળા પહેરાવીને સન્માનિત કર્યા હતા. ત્યાર બાદ આરતી કરવામાં આવી હતી.

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાત સરકાર દિલ્હી રાજ્યની જેમ ખાનગી શાળાઓ પોતાને હસ્તગત કરવા હિંમત બતાવશે ખરી..?

દેશમાં કોરોનાએ વિકરાળ રૂપ ધારણ કરવા તરફ આગળ વધી રહ્યો છે..... સરકારે કોરોના સાંકળ તોડવા માટે કર્ફ્યુ અને લાંબા સમયનુ lockdown લાગુ કરવા સહિતના પગલા લીધા... જેને કારણે મોટાભાગના દરેક પ્રકારના ઔદ્યોગિક એકમો, નાના-મોટા માર્કેટો, ધંધા-રોજગાર બંધ રહ્યા પરિણામે અનેક લોકોની આવક બંધ થવા સાથે કરોડો લોકોએ રોજગારી ગુમાવી દીધી. પછીથી અન લોક જાહેર કર્યા બાદ સરકારે અનેક છૂટછાટો આપી અને નાના-મોટા ઔદ્યોગિક એકમો, માર્કેટો સાથે રોજગાર ધંધા પણ ખૂલી ગયા. તેની સાથે મોંઘવારી પણ વધવા લાગી આજે મોંઘવારીએ માઝા મૂકી છે. પરિણામે આમ પ્રજા મુશ્કેલીમાં મુકાઈ જવા પામી છે. લોકોના ખિસ્સા ખાલી છે પરિણામે બજારોમાં ખરીદારો દેખાતા નથી કે પછી નહિવત દેખાય છે... સરકારે એનપીએ માફ કરવા સાથે મોટા ઉદ્યોગોને મોટા પ્રમાણમાં લોન તથા આર્થિક સહાય કરી. પરંતુ જેના થકી બજારો ધમધમતા રહે છે દરેક બજારોમાં ઝગમગતા રહે છે તેવા શ્રમજીવી વર્ગ, મધ્યમ વર્ગ, લોઅર મધ્યમ વર્ગ, રોજમદારો કે ગરીબોને કોઈપણ પ્રકારની સિધે સિધી આર્થિક સહાય આપી નહીં....પરિણામે મોટાભાગના શ્રમજીવીઓ, રોજમદારો સહિતના વર્ગોને તેમના પરિવારોને ખાવા-પીવા સહિતની વિષમ પરિસ્થિતિ ઊભી થતા વતનની વાટ પકડી લીધી. હવે સરકારે હર્ઝ્ઝેઠ્ઠા સાથે જ તમામ પ્રકારના ધંધા રોજગારની છૂટ આપી દીધી... દરેક પ્રકારના ઔદ્યોગિક એકમો ખુલી ગયા છે ખરા.... પરંતુ તેમના મશીનો અને જરૂરી મહેનતના કામો બંધ છે કારણ તેમના ઉદ્યોગોમાં કામ કરનારા વતનથી આવવા હાલના સમયમા તૈયાર નથી.....!! અને કદાચ આવે તો દિવાળી પછી તેવી પરિસ્થિતી પેદા થઈ ગઈ છે....તો લોકોને પગાર કે કામના પૈસા મળે ત્યારે બજારમાં રોનક આવે એટલે બજારોમા નાણાંની હેર ફેર નથી દેખાઈ રહી.... ત્યારે સરકારે પોતાની જરૂરિયાત પૂરી કરવા આમ પ્રજાના પૈસાથી સરકારે ઉભા જાહેર સાહસો વેચવાની શરૂઆત કરી દીધી છે..... પરંતુ નવરત્ન જેવા જાહેર સાહસોની પુરે પુરી કિંમત મળતી નથી અને જો આ તમામ જાહેર સાહસો વેચાઈ જાય પછી સરકાર શું કરશે....? તેનાથી પ્રજામાં અનેક શંકા કુશંકાઓ ફરી વળી છે....!તાજેતરમા વિવિધ કૃષિ ઉત્પાદનો બજારમાં આવતા માર્કેટમાં થોડી ચમક આવી છે. લોકોમાં પૈસો હરતો ફરતો થયો છે પરંતુ સિઝન પૂરી થયા પછી શું......? જાહેર સાહસો વેચાઈ ગયા પછી યુવાનો માટે સરકારી નોકરીઓ હશે નહીં. દેશમાં ટેલેન્ટ માટે કોઈ પ્લેટફોર્મ ઉભા થયા નથી કે કરવામા આવ્યા નથી તો પછી દેશના ટેલેન્ટો આને દેશની હાલત કેવી થશે.....?

તાજેતરમાં એક તરફ કોર્ટે ચૂકાદો આપ્યો કે શાળાઓ શરૂ ન થાય ત્યાં સુધી ક્લાસ ફી કે અન્ય કોઈ પણ પ્રકારની ફી લઈ શકશે નહીં. અને એજ સમયમાં ગુજરાત સરકારે પણ સ્કૂલો શરૂ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ ફી માફી જાહેર કરી દીધી છે. જેની સામે શાળા સંચાલકોએ અને મંડળે સરકાર સામે ચેલેન્જ કરતા ઓનલાઈન શિક્ષણ આપશે નહીં તેવી જાહેરાત કરી. તો સામે સરકારે ધોરણ ૩ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનું આયોજન પણ કરી નાખ્યુ.... પરંતુ જે લોકોને શાળા શરૂ કરવા સરકાર મંજુરી આપે એજ લોકો સરકારને ચેલેન્જ આપે અને ગુજરાત સરકાર શાળા ટ્રસ્ટ કે સંચાલકો સામે આકરા પગલાં ન ભર્યા તેનાથી લોકોમાં આશ્ચર્ય સાથે અનેક શંકા-કુશંકાઓ અને સવાલો આમ પ્રજામાં ફરી વળ્યા છે. દેશના અન્ય રાજ્યોની શિક્ષણ નીતિ જોઈએ તો ઝારખંડ સરકારે સરકારી શાળાઓને વિશેષ મહત્વ આપ્યું છે અને તેની સ્પષ્ટતા છે કે સરકારી શાળામાં ભણેલાઓનેજ સરકારી નોકરીમાં સ્થાન આપવામાં આવશે.... તો રાજસ્થાન સરકારે ફી માફી આપી અને ત્યાં કોઈએ પણ સરકાર સામે ચુ...ચા ન કરી.જોકે ગુજરાતમાં માનવીય અભિગમ ધરાવતી ૨૨ જેટલી શાળાઓ એ સ્વયં ફી માફી આપી અને વાલીઓને રાહત આપી..... ત્યારે સૌથી અગત્યનું પગલું તો દિલ્હી રાજ્ય સરકારે બે-અઢી વર્ષ પહેલા ખાનગી શાળાઓ હસ્તગત કરવા સાથે તેને આધુનિક બનાવી દીધી અને શાળા ટ્રસ્ટ સંચાલકોને ઘરભેગા કરી દીધા તે છે... આ શાળાઓનો અભ્યાસ કરવા અમેરિકા સહિતના કેટલાક દેશો પણ મુલાકાતે આવે છે જે ત્યાંના શિક્ષણની સરકારની પ્રજાકિય મોટી ઉપલબ્ધી છે. તો શું ગુજરાત સરકાર ખાનગી શાળાઓને હસ્તગત કરી તેના ટ્રસ્ટીઓ અને સંચાલકોને સીધા દોર નથી કરી શકતી....? દિલ્હી રાજ્યની શાળાઓની જેમ આયોજન નથી કરી શકતી....? સરકારે જેને મંજૂરી આપી,ગ્રાન્ટ આપી, બેફામ ફી લેવા દીધી અને માલે તુજાર બનવા દીધા...ત્યાર પછી હવે ગુજરાતના બાળકોનું - વિદ્યાર્થીઓના ભાવીને અંધકારમય બનાવી દે તે રીતે સરકાર સામે શિંગડા ભરાવી તેનો અર્થ શું.....?શુ સરકાર તેના મળતિયાઓ ખાનગી શાળાઓથી ઘરોબો ધરાવે છે....?! એટલે સરકારે આકરા પગલાં ભરતી નથી....? ખરેખર કારણ શું છે તેવા સવાલો વાલીઓમા ઉભા થવા સાથે સવાલો પણ ઉદભવ્યા છે કે શાળા સંચાલકો સરકારનો આદેશ ન માને અને સામે શિંગડા ભરાવી વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરે તે દેશદ્રોહ કે રાજદ્રોહ ન કહેવાય....? રૂપાણી સરકાર સાથે આમ પ્રજા છે પછી આકરા પગલાં ભરવાથી શા માટે ડરે છે.....?રૂપાણી સરકાર કેજરીવાલ સરકારના રસ્તે ચાલો અને ખાનગી શાળાઓ સરકાર હસ્તક કરો એટલે શાળા માફીયાઓની બોલતી બંધ થઈ જશે અને તેમની શાન ઠેકાણે આવશે....! ગુજરાત સરકાર ખાનગી શાળાઓ હસ્તગત કરવા એક્શનમા આવશે કે કેમ....? તેવો પ્રશ્ન ગુજરાતભરમાં ઘુમરાઈ રહ્યો છે તે સાથે સરકાર ખાનગી શાળાઓને હસ્તગત કરવાની હિંમત બતાવી શકશે ખરી....? તેવો સવાલ પણ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે.....!?

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૬-૭-૨૦૨૦, રવિવાર, શ્રાવણ સુદ-૬
સૂર્યોદય-૬-૧૮, સૂર્યાસ્ત-૭-૩૦, જૈન નવકારશી-૭-૦૬,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ હસ્ત

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૭-૫૭થી ચલ-લાભ-અમૃત-૧૨-૫૩ સુધી, ૧૪-૩૨ થી શુભ-૧૬-૧૧ સુધી, ૧૯-૨૯થી શુભ-અમૃત-ચલ-૨૩-૩૨ સુધી

- શુભ હોરા-
૭-૨૪ થી ૧૦-૪૧ સુધી, ૧૧-૪૭થી ૧૨-૫૩ સુધી, ૧૫-૦૫ થી ૧૮-૨૩ સુધી, ૧૯-૨૯થી ૨૦-૨૩ સુધી

### ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી

# અમિતભાઈ શાહે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુંભાર સમુદાયના લોકોને વિદ્યુત ચાકનું વિતરણ કર્યું

ગાંધીનગર લોકસભા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહે નવી દિલ્હીથી આજરોજ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુંભાર સમુદાયના લોકોને વિદ્યુત ચાકનું વિતરણ કર્યું હતું.

કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત ‘આત્મનિર્ભર ભારત‘ અભિયાન અંતર્ગત કુંભાર સમુદાયના લોકોના સશક્તિકરણ માટે અને તેઓ આત્મનિર્ભર બને તે હેતુસર ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા કાર્યરત ‘ કુંભાર સશક્તિકરણ યોજના‘ હેઠળ ૧૦૦ જેટલા પ્રશિક્ષિત કારીગરોને આ વિદ્યુત ચાકનું વિતરણ કર્યું હતું.

શ્રી શાહે વિભિન્ન યોજનાઓના માધ્યમથી સમાજના નબળા વર્ગના લોકોને સ્થાયી રોજગારના અવસર પ્રદાન કરવામાં ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના પ્રયાસોને બિરદાવતા જણાવ્યું હતુ કે મને આશા છે કે આયોગ વંચિતો અને નબળા વર્ગોના સશક્તિકરણ માટે સાતત્યપૂર્ણ રીતે તેના પ્રયાસો ચાલુ રાખશે અને આ ‘કુંભાર સશક્તિકરણ યોજના‘ સમગ્ર કુંભાર સમુદાયને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ પ્રસંગે શ્રી શાહે પાંચ પ્રશિક્ષિત કારીગરો સાથે સંવાદ પણ કર્યો હતો કે જેમને આયોગ દ્વારા માટીના વાસણો બનાવવાની તાલીમ આપીને પ્રશિક્ષિત કરાયા હતા.

શ્રી શાહે જણાવ્યું હતું કે ભારતીય શિલ્પકલાના વાહક આપણા કુંભાર સમુદાયના ભાઈઓ-બહેનોને વર્તમાન ટેકનિક સાથે જોડીને તેમનું જીવન સરળ બનાવી શકાય છે અને તેની ઉત્પાદન ક્ષમતા પણ વધારી શકીએ છીએ. તેઓએ ઉમેર્યુ હતુ કે ‘કુંભાર સશક્તિકરણ યોજના’ દ્વારા માટીના વાસણો ની પારંપરિક કલાને પુનર્જીવિત કરવાની સાથે સીમાંત કુંભાર સમુદાયને મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ કામગીરી થઇ રહી છે, જે આ સમુદાય વિશેષને સશક્ત કરવાની દિશામાં એક મોટું પગલું સાબિત થશે. શ્રી શાહે જણાવ્યુ હતુ કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતના કુંભાર સમુદાય માટે આ વિદ્યુત ચાક એક અમુલ્ય ભેટ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકાર પ્રજાપતિ સમુદાયની ઉત્કૃષ્ટ આજીવિકા માટે હંમેશા ચિંતિત છે અને આપણા સામુહિક પ્રયાસોથી પ્રજાપતિ સમુદાયના જીવનધોરણમાં આવેલા બદલાવ પ્રસન્નતા બક્ષે છે.

શ્રી શાહે આ પ્રસંગે સમગ્ર પ્રજાપતિ સમુદાયને આશ્વાસન આપ્યું હતું કે તેમના ઉત્પાદનો ના વેચાણ માટે રેલવે સાથે સમજૂતી સહિત એક યોગ્ય ચેનલ પ્રણાલિકા સ્થાપિત કરવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

શ્રી શાહે અંતમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું છે કે દેશની દરેક પ્રાચીન કલા-કારીગરી અને હસ્તકલા વધુ સશક્ત બને અને પ્રત્યેક નાગરિક પોતાની આવડત અને કૌશલ્યો ના આધાર પર ભારતને આત્મનિર્ભર બનાવવામાં પોતાનું યોગદાન આપે. અત્રે નોંધનીય છે કે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા ગાંધીનગર જિલ્લાના ૧૪ ગામડાઓમાં પ્રજાપતિ સમુદાયના ૧૦૦ લોકોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે અને ૧૦૦ ઈલેક્ટ્રીક મશીન તથા ૧૦ બ્લેઝર મશીનનું વિતરણ કરાયું છે. આ ‘કુંભાર સશક્તિકરણ યોજના’ હેઠળ પ્રજાપતિ સમુદાયના જે કુશળ કારીગરોની સરેરાશ માસિક આવક કે જે રૂ. ૩૦૦૦ હતી તે વધીને લગભગ રૂ. ૧૨,૦૦૦ પ્રતિમાસ થઈ છે.

### ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૪૦ તાલુકામાં વરસાદ

# તોફાની બેટિંગ સાથે માણસા અને સાવરકુંડલામાં ૪ ઈંચ ખાબક્યો

અમદાવાદ,તા.૨૫

રાજ્યમાં હળવાથી ભારે વરસાદની આગાહી વચ્ચે ગત ૨૪ કલાકમાં રાજ્યના ૧૪૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ૧૩ તાલુકામાં ૨ ઈંચથી વધુ અને ૨૬ તાલુકામાં ૧ ઈંચથી ૨ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ ગાંધીનગરના માણસા અને અમરેલીના સાવરકુંડલામાં ૪-૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે તાપીના સોનગઢ અને મહેસાણાના કડીમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ ગાંધીનગરના માણસામાં ચાર ઈંચ પડ્યો છે. તો અરવલ્લીના સાવરકુંડલામાં પણ ચાર ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. તાપીના સોનગઢ અને મહેસાણાના કડીમાં પોણા ચાર ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. મહેસાણાના બહુચરાજી તાલુકાના અજબપુરામાં ગત રાત્રે વીજળી પડી હતી. નર્મદેશ્વર મહાદેવ મંદિર ઉપર વીજળી પડી



હતી. વીજળી પડવાથી મંદિરને ભારે નુકસાન થયું હતું. તેમજ ઘુમ્મટના ભાગને પણ મોટું નુકસાન પહોંચ્યું છે.ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. તો રાજ્યના ૪૦ તાલુકામાં ૧ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. આજે સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા દરમિયાન રાજ્યના ૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. પોરબંદરના રાણાવાવ, જૂનાગઢનાં વંથલી અને ગીર સોમનાથના કોડીનારમાં અડધા ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

રાજુલાના હિંડોરણા ગામની ઘાતરવડી નદીમા પાણી આવતા સ્થાનિકો દ્વારા ડ્રાયવર્ઝન તોડાયું હતું. વહેલી સવારે પાણી ગામમા ઘુસે તેવી શક્યતાને લઈને ગામ લોકોએ ડ્રાયવર્ઝન તોડવાની ફરજ પડી હતી. મોડી રાતે ઘાતરવડી ડેમ ૨ નો દરવાજો ખોલાતા ઘાતરવડી નદીમાં પૂર આવ્યું છે.

મહેસાણાના કડીમાં મોડી રાત્રે અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે થોળ રોડ પર અંડરપાસમા પાણી ભરાયું હતું. પાણી ભરાયેલા અંડરપાસમાં ૨ આઈસાર ટ્રક ડૂબી ગઈ હતી. જોકે, ટ્રકમાં સવાર બે ડ્રાઈવરોને બચાવી લેવાયા હતા. બંને ડ્રાઈવરને સમયસર રેસ્ક્યૂ કરીને બહાર કાઢી લેવાયા હતા.

# હાર્દિક પટેલના વડોદરામાં પ્રવેશ પર પ્રતિબંધની માંગ સાથે કરાયો વિરોધ

વડોદરા,તા.૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ આજે વડોદરાની મુલાકાતે છે. હાર્દિક પટેલ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે દર્શ કરવા માટે પહોંચ્યા ત્યારે વડોદરાના સામાજિક કાર્યકર સંજય પંચાલે કાળા વાવટા ફરકાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના કાર્યકરોએ તેના માર મારીને પોલીસને સોંપ્યો હતો. પોલીસે યુવકની અટકાયત કરી હતી.

આ પહેલા હાર્દિક પટેલના વડોદરામાં આગમનથી કલમ ૧૪૪ ભંગ થવાની શક્યતા હોવાથી સામાજીક કાર્યકર સંજય પંચાલે કલેક્ટર અને પોલીસ કમિશનરને આવેદનપત્ર આપીને હાર્દિક પટેલને વડોદરામાં પ્રવેશવા નહીં દેવા માંગ કરી હતી.વડોદરા નજીક સાંકરદાના સામાજિક કાર્યકર સંજય પંચાલે જણાવ્યું હતું કે, હાર્દિક પટેલ પર રાજદ્રોહ જેવા ગુના દાખલ થયેલા છે.


## "Awardee"




Trident Communications is proud to announce our awardee
*Suman Manjri (IG)*
IPS -INDIAN POLICE SERVICE
Success Stories* Awards is a platform for such deserving people who have gone above and beyond to achieve their goals despite challenges around them.


## ફોટો ગેલેરી







# ગુજરાતમાં પરિવર્તન...દિલ્હીમાં ચિંતન-મંથન અને નવા નામને લઈને માથાકૂટ?

(જી.એન.એસ, પ્રવિણ ઘમંડે)

૧૯૯૫ની ગુજરાત વિધાનસસભા ચૂંટણીમાં ભાજપે સત્તા મેળવવા માટે પરિવર્તન નહીં કે પુનરાવર્તન..નું અનોખુ સૂત્ર આપ્યું હતું અને થયું પણ એવું જ કે પરિવર્તન થયું અને કોંગ્રેસના સ્થાને ભાજપની સત્તા આવી. ત્યારથી ગાંધીનગરની ગાદી પર ભાજપના મુખ્યમંત્રીઓમાં નરેન્દ્રભાઇ મોદી સિવાય કોઇએ સત્તાના પાંચ વર્ષ પૂરા કર્યા નથી. ના, નહીં જ. કેશુભાઇ, સુરેશ મહેતા, ફરીથી કેશુભાઇ, પછી નરેન્દ્રભાઇ(૧૩ વર્ષ રાજ કર્યું) પછી આનંદીબેન પટેલ (ફેસબુક પર રાજીનામાની જાહેરાત કરી હતી) તેમના પછી સફેદ વસ્ત્રધારી નીતિન પટેલના હાથમાંથી લાડુ લઇને વિજય રૂપાણીના મુખમાં મૂકાયો. ૨૦૧૭ પછી ફરીથી રૂપાણી અને ૨૦૨૪માં વિધાનસભાની ચૂંટણીઓ રૂપાણીના નેતૃત્વમાં લડાશે તેની કોઇ ગેરંટી ભાજપમાં આપવા તૈયાર નથી. કેમ કે તેઓ પેલા સૂત્રમાં માને છે- પરિવર્તન ....!





સંગઠનમાં પરિવર્તન થયું અને સફેદવસ્ત્રધારી સુરતીલાલા, આમ તો મરાઠીભાઉ કહી શકાય એવા સીઆરપી-૧૦૭ને આગામી ચૂંટણીઓની જવાબદારી સોંપવામાં આવી. નખ વગરના વાઘાણી ગયા. અને હવે સંગઠનની બેઠકોમાં સીઆરપીની સાથે સીએમ તરીકે કોણ હશે તેની અટકળો વળી પાછી શરૂ થઇ છે.

સંગઠનની નવી જવાબદારી સંભાળ્યા બાદ સીઆર પાટિલ વડાપ્રધાન નરેન્દ્રભાઈની ઔપચારિક મુલાકાત લેવા દિલ્હી પહોંચ્યા હતા. ભાજપના સૂત્રો કહે છે કે પાટિલ પીએમને મળ્યા બાદ સંગઠનમાં હાઇકમાન્ડને મળીને તેમણે સંગઠનની સાથે સરકારમાં પણ પરિવર્તન માટે કેટલાક ફેરફારોની યાદી મૂકી ત્યારે કહેવાય છે કે હાઇકમાન્ડે તેમને એમ કહ્યું હોવાનું મનાય છે કે કેટલાક મંત્રીઓ જ નહીં પણ સીએમ સહિત આખી સરકાર જ બદલવાની છે, એટલે થોભો અને રાહ જુઓ. બીજી તરફ સેકન્ડ નંબર જુથ એમ આગ્રહ રાખે છે કે રૂપાણીજીને ચાલુ રાખીએ, કેટલાક મંત્રીઓના સ્થાને નવા ચહેરા લાવીએ, બાકીનું અમે સંભાળી લઇશું...! આમ એક જુથ નવી સીએમનો આગ્રહ રાખે છે તો બીજુ જુથ રૂપાણી ભલે રહ્યાં, પાટિલ છે સંભાળી લેશે..એવો વિશ્વાસ આપે છે. પરંતુ સીએમ બદલવાની વાત કરનાર જુથને ખબર છે કે ૨૦૧૭માં ભાજપને રૂપાણીના ભરોસે માંડ માંડ ૯૯ બેઠકો કઇ રીતે મળી હતી. સુરતની તમામ ૧૬ બેઠકો ન મળી હોત તો રૂપાણી વિપક્ષના નેતાપદે બિરાજતા હોત એ પણ આ જુથ જાણે છે. તેથી તેઓ ૨૦૨૪માં ફરીથી ૯૯ નહીં પણ અગાઉની જેમ ૧૨૧, ૧૨૫ એટલી બેઠકો માટે પરિવર્તનનો આગ્રહ રાખી રહ્યાં છે. સૂત્રોના મતે પાટીદાર પરિબળમાં પાટિલની સાથે પોતાની સરખામણી કરનાર અન્ય સફેદ વસ્ત્રધારી નીતિન પટેલને આનંદીબેન પટેલની જેમ કહેવાય છે કે રાજ્યપાલની ઓફર કરવામાં આવી પરંતુ ૬૪ વર્ષની વયે તેઓ પોતાની રાજકિય કારકીર્દી આથમવા દેવાને બદલે વળી નશીબ આડેથી પાંદડુ ખસે તો ગુજરાતના નાથ બનવાની તક મળે એવા સપનાઓ જોઇ રહ્યાં છે. અને એવા સપના જોવામાં કાંઇ ખોટુ નથી. આખરે તો પરિવર્તન...ભાજપનો મંત્ર છે.... અને સચિન પાયલટની જે મહત્વાકાંક્ષા રાખવામાં ખોટુ શું છે...!! આનંદીબેનના રાજીનામા પછી હાથમાંથી લઇ લેવાયેલો સીએમરૂપી લાડવો ફરીથી મળી જાય....કેમ કે આ ગુજરાતનું રાજકારણ છે. ક્યારે શું બને કહેવાય નહીં. કોણે કલ્પના કરી હતી કે શંકરસિંહબાપુ બળવો કરશે અને પોતાના ધારાસભ્યોને લઇને રાતોરાત વિમાનમાં ઉડી જશે....આ રિસોર્ટ પોલીટીક્સનો પાયો લાગે છે કે ૧૯૯૫માં ગુજરાતે જ નાંખ્યો છે...!!

કોણે કલ્પના કરી હતી કે વાલીઓ પોતાના છોકરાનું નામ ચીમન રાખતાં અચકાતા હતા તે ચીમનભાઇ પટેલ ૧૭ વર્ષ બાદ ૧૯૯૦માં વટભેર ફરીથી ગુજરાતના નાથ બનશે...કોણે કલ્પના કરી હતી કે એમના જ સાથી નરહરિ અમીન ભાજપમાં જશે....જવાહર ચાવડા, અલ્પેશ ઠાકોર...કુંવરજી બાવળિયા, ડો. આશાબેન પટેલ ભાજપમાં જોડાશે અને કયા કોંગ્રેસીએ કલ્પના કરી હતી કે ૨૭ વર્ષનો છોકરડો હાર્દિક પટેલ ગુજરાત કોંગ્રેસનો કાર્યકારી પ્રદેશ પ્રમુખ બનશે....!!

એટલે જો રૂપાણીજી બદલાય તો એમાં એમને પણ નવાઇ નહીં લાગે, ખોટુ પણ નહીં લાગે કેમ કે ૧૯૯૫માં રાજકોટની ગલીઓમાં તેઓ પણ પરિવર્તન, નહીં કે પુનરાવર્તન..નું સૂત્ર પોકારતાં પોકારતાં સીએમ સુધી પહોંચ્યા અને એ જ પરિવર્તનમાં તેમના સ્થાને કોઇ બીજા આવે તો રૂપાણીજી હસતાં હસતાં તેમને આવકારશે અને ધારાસભ્યોની બેઠકમાં નવા નેતાનો ઠરાવ પણ તેમની પાસેથી જ મૂકાવાશે, કેમ કે એ ભાજપનો-રાજકિય પક્ષોનો વણલેખ્યો નિયમ છે અને ભાજપમાં તો પરિવર્તન....ડાયમંડની જેમ, ફોરએવર એટલે કે સદાકાળ છે તો હો જાય ફરીથી પરિવર્તન....? પણ રૂપાણીજીના સ્થાને કોણ...? અલ્યા ભઇ...એની તો માથાકૂટ ચાલે હે...દિલ્હીમાં...! પેલા શોલેના ડાયલોગની જેમ, જેમાં અમિતાભ મૌસીજીને કહે છે-બસ, ખાનદાન કા પતા ચલતે હી હમ આપકો બતા દેંગે....! તો ક્યા મેં યે રિશ્તા પક્કા સમજુ..ના સ્થાને એમ કહીએ – બસ, નયે સીએમ કા નામ કા પતા ચલતે હી હમ આપકો બતા દેંગે, તો ક્યા મેં યે પક્કા સમજુ કી રૂપાણીજી કા જાના તય હૈ...!!

# ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા ચાંપસી ભાઈ નાગડા



"બાપુ" ના નામે પ્રસિદ્ધિ મેળવી ચૂકેલા શ્રી ચાંપસી ભાઈ ભારમલ નાગડા નો જન્મ ૨૨/૧૧/૧૯૨૦ કચ્છ રાપર માં થયો હતો. અભ્યાસ સાતમી સુધી,પણ શાળા છોડતી વખતે એમણે બે ભિન્ન ભૂમિકા ઓ ભજવી એક યુધિષ્ઠિર ની અને બીજી ગામડા ના માસ્તર ની.

એમણે "જોગીદાસ ખુમાણ" અને "મુળુ માણેક"જેવા સફળ ગુજરાતી ચિત્રો બનાવ્યા.

પ્રકાશ પિક્ચર્સ ના ' ભક્ત સુરદાસ

માં નગરશેઠ,'"જમાઈરાજ "માં પિતા અને "કહ્યાગરા કંથ" માં ભૂમિકા ઓ

કરી."મળેલા જીવ" નામે ચિત્ર તૈયાર કર્યું.

"પુનરાવર્તન" નાટક માં પ્રો. સત્યમૂર્તી ની ભૂમિકા , વાણી ની ગંભીરતા અને મર્યાદિત હલન ચલન સાથે ભજવી હતી."અલ્લાબેલી"માં મૂળવાની ભૂમિકા ભજવી ને ગુજરાતી રંગભૂમિ ને સજીવન બનાવી દીધી.

ઇન્સ્પેક્ટર સાહેબ માં અનંતરાય,દુનિયા શું કહેશે માં

સામ્યવાદી પિતા ,સાષ્ટાંગ નમસ્કાર માં ખેલદિલ શિકારી,સમય ના વહેણ માં ધરમદાસ , પરણ્યા પહેલા માં ગામડિયા પિતા,ભાડૂતી પતિ માં મણિશંકર,નાગાબાવા માં ઘમંડી મહંત,"સુમંગલા" માં સુજ્ઞ રાય ની ભૂમિકા માટે દેવકરણ નાનજી નું પ્રથમ પારિતોષિક મળેલું.

: વસમા બંધન માં બેરિસ્ટર ,પટેલસાહિ માં કાળો પટેલ અને સરમુખત્યાર શાહી માં વફાદાર પ્રધાન બન્યા હતા.

ગુજરાતી ચિત્રો "કાદુ મકરાણી" "મહેંદી રંગ લાગ્યો" અને "હીરો સમ્રાટ" તૈયાર કર્યા."કસુંબી નો રંગ"

અને લીલુડી ધરતી માં ભૂમિકા ઓ ભજવી.

નાટકો માં "માથે પડેલા મફતલાલ"

પ્રોડ્યુસર કપૂર ની ભૂમિકા ભજવી.

નૂરજહાં નૃત્ય નાટિકા માં આશા પારેખ અને ગોકુલ કી ગલી સાંકરી

માં કથક રાણી સિતારા સાથે કામ કર્યું.

તેમના ગુજરાતી ચિત્ર "હીરો સલાટ"

માટે ગુજરાત સરકાર તરફ થી રૂપિયા ૫૦૦૦ /- નું ઈનામ મળ્યું હતું.

સૌજન્ય : ઘનશ્યામ વ્યાસ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

પદ્ય વિભાગ

1)NG NO-0015

મેહુલ ત્રિવેદી ખેરાળી શીર્ષક -લીપણ

2)NG NO-0032

મીના માંગરોલીયા

"મીનુ" શીર્ષક -કલાકૃતિ

ગદ્ય વિભાગ

1)NG NO=0058

પ્રીતિ શાહ ("અમી-પ્રીત") શીર્ષક- મજબૂરી

2)NG NO-0064

નેહા બગથરીયા શીર્ષક -આપવીતી

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન

એડમિન પેનલ

NOGS(VIP)વિષય:- કલા

વિભાગ:- પદ્ય(અછંદાસ)No:-0015

-----------------------------------------

શીર્ષક:-લીપણ

છાણ અને પીળી માટી<br>
એકબીજામાં થાય ઓતપ્રોત<br>
ને ઉપજમાં મળતી ગાર.<br>
ને એમા ભળે આખેઆખી મારી બા.<br>
પરસેવાનું પાણી લીપણના એક એક કણને<br>
એવુ તે ભીજવતું કે એની ફોરમ<br>
છેક ઈન્દ્રલોક સુધી<br>
ચકરાવો મારી આવે,<br>
ઓસરી ને આંગણું તો<br>
મઘમઘી ઉઠે<br>
એ મોહક સુગંધથી.<br>
બાના મુલાયમ હાથથી,<br>
લીપણ ચોટતાની સાથે જ<br>
ઉપસી આવતી અનેરી ભાત.<br>
જોણે ચાંદની ચાંદને છોડી<br>
પોતાના વલયો લઇ<br>
ઉતરી હોય<br>
મારે આંગણે,<br>
બાની નીતરતી હથેળીમાંથી.<br>
આંગળીઓથી<br>
ચિતરાતી એ રંગોળીની કલા,<br>
લાગે કે સાથે જ લઇ ગઇ,<br>
મારી બા.

મેહુલ ત્રિવેદી...ખેરાળી

-----------------------------------------

NOGS(VIP)વિભાગ:- પદ્ય

No: -0032 શીર્ષક:- કલાકૃતિ

પૂરાતનકાળથી ચાલી આવતી એક જૂની વાત,<br>
જગતમાં કલાકૃતિ ની અવનવી એક વાત.<br>
એક વાહ એક આહ એવી કલાની છે વાત,<br>
લીપેલું ગૂંપેલું મારા ઘરનું આંગણું.<br>
મહેમાનો આવે મારા ઘરના રુડા આંગણીયે,<br>
ઘરના કાંગરે રૂડા મોરલાઓનાં ટહૂકાર<br>
બારસાખની બાજુએ રુડા પોપટડા ચિતર્યા,<br>
કાંગરે કાંગરે રૂડા ચકલી, કાબર, મેના ચીતર્યા .<br>
કલાકૃતિ ની વાત છે જાણે કચ્છડો બારેમાસ,<br>
કચ્છનાં ગરમ ધાબળા અને ફરતે રેશમી રેસા.<br>
રાજસ્થાની રમકડાંને ફરતે કલાનો શણગાર,<br>
ભાતીગળ ખેસ અને અવનવા કઠપૂતળીના વેશ.<br>
ગુજરાતી પાટણના મુલાયમ પટોળા અને જામનગરની બાંધણી ,જોતા મન હરખાય.<br>
ચિત્રકામથી ઝગમગતુ આભલાં દોરીનુ કામ,<br>
સોનલ વરણી ચુંદડીએ મેના પોપટ ચીતર્યા.<br>
જીવનનું અણમોલ રત્ન ★કલાકૃતિ★ ની એક વાત,<br>
પૂરાતનકાળથી ચાલી આવતી એક જૂનીવાત.

મીના માંગરોલીયા મીનુ

અમદાવાદ..૨૨/૭/૨૦૨

-----------------------------------------

ચિત્ર પરથી સ્પર્ધા

NG No.: 0058 વિભાગ.. : ગદ્ય

શીર્ષક:મજબૂરી

રેડીયો મીર્ચી પર દરરોજ જાત-જાતની વાર્તાઓ કહેતો મૌલિક, તેની મીઠી વાણી ને પ્રેમભર્યા શબ્દો વડે લોકોનો લાડલો બની ગયો હતો. તેનાં દર્દભર્યા શબ્દો ઘર-ઘરમાં ગૂંજવા લાગ્યા..તેની આ કલા પ્રત્યે લગભગ બધાંને બહુ માન હતું..

છેલ્લાં કેટલાંક દિવસથી વૃધ્ધાશ્રમમાં રહેતાં તેનાં પિતાને, આજે તેમનાં દીકરા મૌલીકની વાર્તા સાંભળીને દીકરાનાં એ શબ્દો યાદ આવ્યાં, "પપ્પા, તમે નજીકનાં વૃધ્ધાશ્રમમાં જતા રહો. હું તમને કોઈ તકલીફ નહિ પડવા દઉં. તમને મળવા આવતો રહીશ. ભગવાનની દયાથી રૂપિયા-પૈસાની તો આપણને કોઈ ખોટ જ નથી. તમે તમારી રીતે રહી શકશો. વળી, તમારી ઉંમરનાં જ બધાં હશે. એટલે તમને ગમશે પણ ખરું."

આજે તેમણે મૌલીકની શ્રવણ જેવી વાતોથી દીકરાની મજબૂરીનો તાગ મેળવ્યો.. આંખો ભરાઈ આવી..અને..તેમની 'આંખોની પાંપણ' પર બાઝેલું "આંસુનું એક ટીપું" રેડિયો પર જઈને પડ્યું..

પ્રીતિ શાહ ("અમી-પ્રીત")

-----------------------------------------

NG/0064

વિભાગ : ગદ્ય (કલાકૃતિ)

શીર્ષક : આપવીતી

"મા આ ભવાયા એટલે?"

રોટલોને છાશ પીરસતી માએ જર્જરીત દિવાલો અને ટપકતી છત સામે જોઈ આધુનિક સાધનોના આક્રમણ વચ્ચે લુપ્ત થતી ભવાઈની કલાનો મનોમન વસવસો ઠાલવતાં અકળાઇને,

"મને નથી ખબર... ચુપચાપ ખાઈ લે."

"કે ને મા..."

જમનાએ ખડકીને અઢેલીને પડું પડું થતાં ખાટલે બેસી બીડીના ઠૂંઠા ફૂંકતા પતિ સામે એક નજર નાખી. રામાએ માની આંખોમાં જોયું અને એ પણ બાપને જોઈ બોલ્યો,

"બાપુ તમને ખબર છે ભવાયા એટલે?"

જમને જમનાની આંખનો રોષ અવગણતા બીડીનો છેલ્લો કસ લઈ ખડકીની બાર ફગાવતા આંખે ચમક ટાંકતાં કહ્યું,

"ભવાઇ મંડળના કલાકારોને ભવાયા કહેવાય. તેનું મુખ્ય પાત્ર 'રંગલા' નામે ઓળખાતું."

"હવે આ ભવાઇ એટલે શું બાપુ?"

જમન બાજુમાં પડેલાં પતરાંના જુના ટંક પર હાથ પ્રસરાવતા બોલ્યો,

"પરંપરાગત પોશાકો, ભાતીગળ ભાષાશૈલી સાથે જેમાં મા અંબાની ભક્તિના નાટક ભજવાતા હતાં સાથોસાથ અન્યાય, સ્ત્રીના હક અને દરજ્જાના, સામાજિક અસમાનતા, અંધશ્રધ્ધા, જાતિવાદ જેવાં અનેક સામાજિક દુષણો બાબતે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી ભૂંગળ, તબલાં, ઝાંઝ, ઢોલક, મંજીરા તેમજ સારંગી સાથે નૃત્યમય શૈલીમાં હસાવતા કટાક્ષો સાથે રજુ કરવામાં આવતાં નાટક."

"બાપુ મારે ભવાઇ જોવી છે એ ક્યાં થાય?"

"ક્યાંય ન થાય હવે એ જમાનો ગયો, એ તો જ્યારે સિનેમાઘર, ટેલીવિઝન કે રેડિયો જેવાં સાધનો નહોતાં ત્યારે ભવાયા લોકોને મનોરંજન પૂરું પાડતાં. પહેલાં લોકો ભવાયાની રાહ જોતાં, તેમનો સામાજિક દરજ્જો એવો હતો કે ભવાયા ગામમાં પ્રવેશતાં ત્યારે ઢોલ નગારા સાથે ધામધૂમથી એમનું સામૈયું કરવામાં આવતું. તે આપણી માથે છત છે. હવે ક્યાં કોઈને ભાતીગળ સંસ્કૃતિની પડી છે ત્યારે તો ઘરની આ દઇશા..."

આટલું બોલતાં જમનાના ગળે ડુસકું ભરાઈ આવ્યું ને બાકીના શબ્દો એ કમને ગળી ગઈ.

નેહા બગથરીયા ...જુનાગઢ

-----------------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (M-9824653073)

નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર

સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી

સંચાલક - જીજ્ઞા કપુરિયા

સહ સંચાલક - મનીષ વોરા

સંપર્ક : Email : prdpraval42@gmail.com

-----------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આ ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ




# સિદ્ધપુરમાં પવિત્ર સરસ્વતી નદી નું જળ લેવા શિવાલયોમાં કાવડિયાઓની લાંબી કતારો લાગી



ઉ.ગુ.ના ૪૫૦ ઉપરાંતના ગામોના શિવ મંદિરોમાં જળાભિષેક કરવામાંટે પવિત્ર સરસ્વતીનદિના કિનારે આવેલ સ્વયંભૂ શિવાલયો જેવાકે શ્રીઅરવડેશ્વર મહાદેવ શ્રી બ્રહ્માંડેશ્વર મહાદેવ શ્રી વાલ્કેશ્વરમહાદેવ શ્રીવટેશ્વરમહાદેવ શ્રીસિદ્ધેશ્વર મહાદેવના સાનિધ્યમાંથી સિુર શહેર તાલુકા તેમજ ઉ.ગુ ના પાટણ હારીજ ચાણસ્મા બહુચરાજી વિરમગામ મહેસાણા વિજાપુર વિસનગર પાલનપુર લાખણી જો ૪૫૦ ઉપરાંત ગામોમાંથી ઉઘાડા પગે ગામના યુવકો દ્વારા અલગ અલગ ટુકડીઓ બનાવી સમગ્ર શ્રાવણ માસમાં આવતા હોય છે જેના લીધે સમગ્ર માહોલ શિવમય બની જાયછે

ઐતિહાકિ અને ધાર્મિક નગરી સિદ્ધપુર પવિત્ર કુંવારીકા સરસ્વતી નદીના કિનારે વસેલ છે શ્રાવણ માસની શરૂઆત થતાની સાથેજ આ શિવનગરી ભક્તી મય બની જાય છે સમગ્ર શ્રાવણ માસ દરમિયાન પવિત્ર સરસ્વતી નદીના જળથી શિવજીને જળાભિષેક કરવાનું એક અનેરું પૌરાણિક મહત્વ રહેલું હોઈ પવિત્ર શ્રાવણ માસ દરિયાન સિદ્ધપુર સહીત ઉત્તર ગુજરાતના ૪૫૦ ઉપાંત ગામોના શિવાલયોમાં રુદ્રા અભિષેક કરવામાં આવે છે જેના માટે વેદ કાલીન પુરાણોમાં જેનું આગવું સ્થાનક છે રુદવેગમાં જેના ગુણગાન ગાવાય છે એવી શ્રી સ્થળે વહેનારી પ્રાચી પવિત્ર સરસ્વતિ નદીનું જળ લેવા કાવડિયાઓની લાંબી કતારો લાગેછે .પ્રવિત્ર શ્રાવણ માસ એટલે ભક્તિ સભરમાસ ભગવાન સદાશિવ ભોલેનાથને રીઝવવાનો માસ આપણી સનાતન હિન્દૂ ધર્મના બારેય માસમાં સૌથી પવિત્ર માસ માનવામાં આવેછે લોકો અનેક વ્રત જપ તપ અનુષ્ઠાન તેમજ ઉપવાસ કરી કોઈને કોઈ સંકલ્પ લેતા હોય છે શિવ ભક્તો ભોળાનાથને બીલીપત્ર પૂજા પાઠ હોમ હવન તેમજ નિત્ય દેવ દર્શન કરીને દરેક પોતાની આસ્થા શક્તિ અને ભક્તિ પ્રમાણે થાય તેટલી ભગવાન ભોલેનાથની આરાધના કરતા હોય છે કહેવાય છેકે ભારત ભરમાં સાચી સનાતની હિન્દૂ સંકૃતિના વાર તહેવાર ઉત્સવો ગામડાઓમાં ભારે હર્ષોઉલ્લાસ તેમજ આપસી ભાઈચારાથી અનેક તહેવારોની ઉજવણી ધામધૂમથી કરતાંહોય છે ત્યારે ગામડાઓની વર્ષોજૂની વડવાઓના સમયી પોત પોતાના ગામોમાં આવેલ શિવ મંદિરોમાં વિદ્વાનબ્રાહ્મણો દ્વારા વૈદિક વિધિ વિધાનથી વેદમંત્રોચ્ચાર ના ઉચ્ચારણથી સમગ્ર માનવ જાત અને વિશ્વના કલ્યાણ અર્થે શિવજીનો રુદ્રાભિષેક કરી રીઝવવાં આવેછે જેમાં ભગવાન ભોલેનાથને જલાભિષેક કરવાનું અનેરું પૌરાણિક મહત્વ રહેલું છે સિદ્ધોની નગરી શ્રીસ્થળી માંથી પસાર થતી કુંવારીકા સરસ્વતી નદીનો પવિત્ર કિનારો શિવજીને ખુબજ પ્રિય હોવાથી આ સિદ્ધપુરને શિવનગરી તરીકે પણ ઓળખાય છે એટલા માટેજ શ્રાવણમાસ દરમિયાન ઉ ગુ ના ,૪૫૦ ઉપરાંતના ગામોમાં આવેલ શિવ મંદિરોમાં પવિત્ર સરસ્વતી નદીના જળથી જળાભીષેક કરવામાં આવેછે જેના માટે ગ્રામજનો દ્વારા આખુંગામ ભેગું થઇ કાવડિયાઓની અલગ અલગ ટુકડીઓ બનાવી પવિત્ર જળ લાવવા માટે વારા બાંધવામાં આવેછે જેમાંથી રોજ પાંચ દસ યુવાનો કાવડ લઈને સિદ્ધપુર ખાતે આવેછે જેને કાવડિયા કહેવામાં આવેછે આ કાવડિયાઓ પવિત્ર સરસ્વતીનદિના કિનારે આવેલ સ્વયંભૂ શિવાલયો જેવાકે શ્રી અરવડેશ્વરમહાદેવ શ્રી બ્રહ્માંડેશ્વર મહાદેવ શ્રી વાલ્કેશ્વરમહાદે શ્રી વટેશ્વરમહાદેવ શ્રી સિેશ્વર મહાદેવના સાનિધ્યમાં આવી સ્નાન કરી પવિત્ર થઇ ભગવાન ભોળાનાથના દર્શન કરી પવિત્ર સરસ્વતી નદીનું જળ કાવડ ના કુંભ માં ભરીને ખુલ્લા પગે પગપાળા ચાલતા પોતાના ગામમાં આવેલ શિવ મંદિરોમાં અર્પણ કરવામાં આવેછે આ રીતે નિત્ય ક્રમમુજબ સમગ્ર શ્રાવણ માસ દરમિયાન કાવડિયા જળ ભરવા આવતા હોય છે અહીં સિદ્ધુર શહેર તાલુકા તેમજ ઉ.ગુ ના પાટણ હારીજ રાધનપુર સમી શંખેશ્વર ચાણસ્મા બહુચરાજી વિરમગામ મહેસાણા ઊંઝા ખેરાલુ વિજાપુર વિસનગર પાલનપુર ધાનેરા વડગામ લાખણી સહિતના તાલુકાઓમાંથી જો ૪૫૦ ઉપરાંત ગામોમાંથી ઉઘાડા પગે ગામના યુવકો દ્વારા અલગ અલગ ટુકડીઓ બનાવી સમગ્ર શ્રાવણ માસમાં કાવડિયાઓ પવિત્ર જળલેવા આવતા હોય છે જેના લીધે સમગ્ર સિદ્ધપુર ના માર્ગો દીપી ઉઠયાછે જેના કારણે સમગ્ર માહોલ શિવમય બની જાય છે.

# કોરોના વાયરસની મહામારી સામે લડવા માટે બપોર બાદ તમામ વેપાર - ધંધા સ્વયંભૂ બંધ પાળવા માટે અપીલ કરાવાઈ




કોરોના વાયરસની મહામારી સામે લડવા માટે સરકાર તેમજ વહીવટી અને નગરપાલિકા તંત્ર શક્ય હોય તે પ્રમાણે પ્રયાસો કરી રહીછે આ ઉપરાંત કોરોના વોરિયર્સ જેવા કે ડોક્ટર્સ પોલીસ કર્મીઓ સ્વચ્છતા કર્મીઓ વિવિધ સામાજિક - રાજકીય આગેવાનો વેપારીઓ સામાજિક કાર્યકર્તાઓ પ્રિન્ટ / ઈલેક્ટ્રિક મીડિયાના પત્રકારો પોતાના જીવના જોખમે કોરોના વાયરસ સામે જજુમી રહ્યા છે ત્યારે સામાન્ય નાગરિકોમાં કોરોના વયસર ની ગંભીરતાના અભાવે રોજ બરોજ કોરોના વાયરસના કેસોમાં અતિ વૃદ્ધિ થતી રહીછે

જે અંતર્ગત આગામી તા. ૨૭/૦૭/૨૦૨૦ ને સોમવારના રોજ થી ૧૫/૦૮/૨૦૨૦ સુધી શહેરના મુખ્ય બજારો હાઈવે વિસ્તાર સહીત છૂટક મજૂરી કરવા વાળા લારી -ગલ્લા, ઓટો રીક્ષા ચાલકો, હોટલો-રેસ્ટોરન્ટો, શાકભાજી ના વેપારીઓ, ફરસાણ - નાસ્તા વાળા, ચાહની કીટલીઓ વાળા, પાન - મસાલાના ગલ્લા વાળા, જેવા તમામ નાના -મોટા વેપારીઓને બપોર ના ૦૨:૦૦ વાગ્યા પછી સ્વયંભૂ બંધ પાળવા તેમજ ૧૪દિવસ સુધી પોત પોતાના ઘરોમાં હોમ કોરોનટાઇન રહેવા સર્વે નગરજનોને અપીલ કરવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.

# લાંબા સમયના વિરામબાદ દાંતીવાડા પાંથાવાડા વિસ્તારમાં ધોધમાર વરસાદનું આગમન

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

લાંબા સમયથી કાગડોળે વરસાદની રાહ જોતા ભારે ગરમીના ઉકળાટ વચ્ચે આજે બપોરે કાળા ડિબાંગ વાદળો આકાશમાં ચડી આવતા દાંતીવાડા પાંથાવાડા પંથકમાં ધોધમાર વરસાદનું આગમન થવા પામ્યો હતો.ચોમાસાને દોઢ મહિનો વીતી ગયો હોવા છતાં બનાસકાંઠા જિલ્લામાં વરસાદની અછત વર્તાઈ હતી જેને લઈને ખેડૂતો ચિંતાતુર બન્યા છે

જ્યારે વરસાદને લઈને લાંબા સમયના ઈતજાર પછી આજે બપોરે દાંતીવાડા પાંથાવાડા પંથકમાં કાળા ડિબાંગ વાદળો આકાશમાં ચડી આવતા ગાજવીજ સાથે વરસાદ પડતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે વરસાદ થતાં વૃક્ષો પણ લીલાછમ થઈને ઝૂમી ઉઠયા હતા. જિલ્લામાં આંશિક વરસાદને લઈને બનાસકાંઠા જિલ્લાના મુખ્ય ત્રણ ડેમો પણ સૂકા ધાકોર પડ્યા છે જેને લઈને ખેડૂતો ચિંતાતુર બન્યા છે

જો વરસાદ ના થાય તો વાવેતર કરેલ પાક પણ બળી જવા ની ભીતિ સેવાઇ રહી હતી પરંતુ આજે ધોધમાર વરસાદ પડતા પંથકના ધરતીપુત્રો ચિંતામાંથી મુક્ત થવા પામ્યા છે અને મગફળી બાજરી જે વાવેતર કરેલ પાકને જીવતદાન મળવાની આશા બંધાઈ છે.

# સિધ્ધપુર સિવીલના સીડીએમઓની આડોડાઈના કારણે સિધ્ધપુરના કોરોના સસ્પેકટ દર્દીઓ પરેશાન

હાલમાં કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે સિદ્ધપુર શહેરમાં પણ દિન-પ્રતિદિન કોરોના ના કેસ મા વધારો થઈ રહ્યો છે અત્યારે સિદ્ધપુર શહેરમાં ૪૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૭ મળી તાલુકામાં કુલ ૭૭ જેટલા કેસો પોઝિટિવ નોંધાયા છે અને મોટા પ્રમાણમાં સંક્રમિતો ફરી રહ્યા છે ત્યારે રાજય સરકાર સંચાલિત સિધ્ધપુર જનરલ હોસ્પિટલમાં સરકાર દ્વારા કોરોના મહામારીમાં સંક્રમણનો ભોગ બન્યા હોવાની સંભાવના ધરાવતા દર્દીઓ માટે સારવારની તમામ સુવિધાઓ હોવા છતાં સિધ્ધપુર અને પાટણનો સંયુકત હવાલો ધરાવતા ડૉ. પરમારની આડોડાઈ અને ફરજ માંથી ભાગવાની વૃત્તિના કારણે કોરોના સંક્રમણનો સામનો કરી રહેલા સિધ્ધપુર શહેર તથા તાલુકાના સિમ્ટોમીક અને સસ્પેકટ દર્દીઓને સારવારની સગવડ હોવા છતાં સિધ્ધપુરમાં સારવાર આપવાના બદલે ધારપુર ધકેલી દેવામાં આવે છે અને જયાં જિલ્લાભર માંથી આવતા દર્દીઓ વચ્ચે સિધ્ધપુરના દર્દીઓ અને તેમના સગાઓ ભારે તકલીફો ભોગવે છે. ધારપુર થી સિધ્ધપુર આવવા સીધું વાહન પણ મળતું નથી ધારપુરનો થપ્પો લાગે એટલે કોરોના ના હોય તેવા દર્દીઓને પણ લોકો અછૂત હોય તેમ ઓરમાયી દ્રષ્ટીથી જોવે છે અને લોકોને જવાબ આપીને દર્દી અને સગાઓ થાકી જાય છે. સિધ્ધપુર સિવીલનો સ્ટાફ સારવાર કરવા સક્ષમ અને તૈયાર હોવા છતાં ઉપરી અધિકારીના આદેશને લઈને અસહાય છે સિવીલના સ્ટાફના પરિવારજનોની પણ આ સીડીએમઓ સારવાર કરવા દેતા નથી તો બીજા સામાન્ય દર્દીઓનો તો કયાં ગજ વાગે? જો સામાન્ય શરદી સિદ્ધપુરમાં ખાનગી તબીબો પાસે નાછૂટકે જાય તો દર્દીઓને ખાનગી તબીબો તરફથી ઓરમાયુ વર્તન નો સામનો કરવો પડી રહ્યો છે અમુક ખાનગી તબીબોએ તો રીતસરનો કોરોના કાળનો ફાયદો ઉઠાવી દર્દીઓ પાસેથી ફી લઈ જરૂર ન હોય તેવા રિપોર્ટ કઢાવી પછી દર્દીને તપાસ્યા વગર જરૂર ન હોય તો પણ ધારપુર સિવિલ હોસ્પિટલ ખાતે ધકેલવામાં આવે છે વર્ષોથી નાના-મોટા રોગોની દવા ચાલતી હોય અને કોરોના ન હોય તેવા દર્દીઓને પણ ધારપુર ખાતે મોકલવામાં આવે છે જ્યાંથી ૮૦ ટકા દર્દીઓ મૃત થઈને પરત આવે છે.પાટણ સરકારી દવાખાનામાં પણ સરકારે એક કરોડ રૂપિયાના ખર્ચે કોરોના ના દર્દીઓની સારવાર માટે વ્યવસ્થા કરી હોવા છતાં સીડીએમઓ દ્વારા સિધ્ધપુરના જેમ ત્યાં પણ કોઈ દર્દી દાખલ નહી કરવાની સ્ટાફને સૂચનાઓ આપવામાં આવતી હોવાની લોકચર્ચા તેજ બની છે.

### અરવલ્લીના કેટલાક ભાગમાં વરસાદથી રાહત

# ખેતીને જીવતદાન મળતા ખેડૂતોમાં ખુશી,અસહ્ય ઉકળાટ થી છુટકારો મળતા લોકોમાં હાશકારો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે સૌથી વધુ મગફળીના પાકનું ૭૦ હજાર હેકટરમાં વાવેતર કરાયું છે.ત્યારે વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ હતી ખાસ કરીને મગફળીના પાકમાં રોગ દેખાતાં પાકનો છોડ મુરઝાતા ખેડૂતો ચિંતીત બનયા હતા જિલ્લામાં ખેતી માટે ખેડૂતો આકાશી ઉપર વધુ નિર્ભર રહે છે. વરસાદ ખેંચાય તો મોઘું બિયારણ નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી હતી ત્યારે અરવલ્લી જીલ્લાના કેટલાક ભાગમ વહેલી સવારથી વરસાદની રી એન્ટ્રી થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો આમ લાંબા સમય બાદ ફરી વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે લાંબા સમય બાદ જીલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો અને વરસાદ ખાબકતા જીલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારા થી રાહત મળતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો

અરવલ્લી જિલ્લામાં લાંબા વિરામ બાદ મોડાસા અને તેના આસપાસના વિસ્તારોમાં વરસાદનું આગમન થયું છે. અરવલ્લી જિલ્લામાં ફરી ધીરે ધીરે વરસાદી માહોલ જામી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય પંથકમાં છૂટછવાયો વરસાદ પડ્યો છે મોડાસા શહેરમાં ધોધમાર વરસાદી ઝાપટું પડ્યું હતું વરસાદી ઝાપટાંના પગલે વિવિધ



વિસ્તારોમાં પાણી ભરાયાં વરસાદ પડતા જિલ્લામાં મુરઝાતી ખેતીને નવજીવન મળતા ખેડૂતોએ હૈયે હાશકારો અનુભવ્યો હતો

જીલ્લામાં વરસાદ ખેંચાતા મગફળીના પાકમાં સુકારા નામના રોગે દેખા દીધી છે.જે ચિંતાનો વિષય ખેડૂતો માટે ચિંતા વિષય બન્યો છે આ સિઝનમાં એકપણ વખત મૂશળધાર વરસાદ વરસ્યો નથી.કુવા,તળાવમાં નવા નીર આવ્યા નથી.ત્યારે વરસાદ લંબાતાં ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે.કપાસ,દિવેલા,મકાઈ અને અન્ય પાકની વાવણી કરી છે છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનનો પારો ઉંચકાયો છે.જેના કારણે ખરીફ પાક ઉપર મોટું સંકટ ઉભુ થયું છે જીલ્લામાં ખેતી લાયક વરસાદ ન વરસતાં ખેડૂતો ચિંતીત બન્યા છે.જયારે મગફળીના પાકનું વાવેતર કરે દોઢ માસ જેટલો સમયગાળો થઈ ગયો છે.પરંતુ વરસાદ ખેંચાતા મગફળીના પાકમાં સુકારાનો રોગ દેખાતા પાકના છોડ સુકાઈ રહયા છે. જયારે અતિશય તડકાના કારણે ખેતીનો પાક બળી પણ જાય છે.બીજી બાજુ ખેડૂતોને મોંઘા બિયારણ અને મોઘીદાટ દવાઓનો ખર્ચ માથે પડે તેમ છે.આમ હાલ કોરોના વાયરસને લઈ લોકોના કામ ધંધાને અસર થઈ છે.જયારે આ પંથકમાં વરસાદ ન થતાં ખરીફ પાક નષ્ટ થવાને આરે છે.

### ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધ્યું

# અરવલ્લી જીલ્લામાં કોરોના બેકાબુ વધુ ૭કેસ સાથે દર્દીઓનો કુલ આંક ૩૧૨ પર પહોંચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે શુક્રવારના રોજ વધુ ૭ નવા પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૩૦૦ ને પાર કરી ૩૧૨ પર પહોંચ્યો છે.શુક્રવારના રોજ અરવલ્લી જિલ્લાના બાયડ અને મેઘરજ તાલુકામાં ૩-૩ અને મોડાસા શહેરમાંથી ૧ કોરોના પોઝીટીવ દર્દીઓ મળી આવ્યા છે.જીલ્લામાં કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રસરતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે

મોડાસા શહેર સહિત જિલ્લાભરમાં કોરોના વાયરસ થોભવાનું નામ નથી લઈ રહ્યો. દિવસેને દિવસે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. આજે મેઘરજ નગરના ગેસ્ટ હાઉસ રોડ પર રહેતા ૫૦ વર્ષીય આધેડ,રામનગર સોસાયટીમાં રહેતો ૩૨ વર્ષીય યુવક અને નવજીવન સોસાયટીમાં રહેતા ૬૩ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવ્યો હતો, બાયડ તાલુકાના સાઠંબા ગામની ૩૮ વર્ષીય મહિલા,ચોઈલા અને પેંટરપુરા ગામના વૃદ્ધ કોરોનાગ્રસ્ત બન્યા હતા તમામ કોરોના પોઝેટીવ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરી સઘન સારવાર હાથધરી હતી

મોડાસા શહેર ઉપરાંત જિલ્લાના બાયડ તથા મેઘરજ તાલુકામાં કોરોનાનું સંક્રમણ દિન-પ્રતિદિન રોકેટ ગતિએ વધી રહ્યું છે ત્યારે જિલ્લાવાસીઓમાં ફફડાટની લાગણી વ્યાપી છે. આજે વિવિધ સ્થળોએથી કોરોનાના પોઝીટીવ કેસો નોંધાતા સ્થાનિક પાલિકા તંત્ર, પંચાયત તેમજ આરોગ્ય તંત્રની ટીમો જે-તે વિસ્તારમાં પહોંચી ગઈ હતી અને કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનોને કોરોન્ટાઈન કરી તબીબી પરીક્ષણ હાથ ધરી સમગ્ર વિસ્તારને સેનીટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી

### મોડાસા :નરોડાના શખ્શે ડેપ્યુટી ડીડીઓ તરીકે ઓળખ આપી

# બે યુવતીઓને સચિવાલયમાં નોકરી અપાવવાની લાલચ આપી લાખ્ખો ખંખેર્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

મોડાસા શહેરની યુવતીને શિક્ષિકા બહેનપણીએ તેમના સ્ટાફમાં નોકરી કરતા શિક્ષકના એક ઓળખીતા અમદાવાદ નરોડા રહેતા જીતેન્દ્ર ચંદુભાઈ પટેલ અમદાવાદ સચિવાલયમાં નોકરી કરતા હોવાની સાથે સચિવાલયમાં મોટી ઓળખ હોવાથી સચિવાલયમાં સરકારી નોકરી અપાવતા હોવાનું જણાવતા યુવતીએ નકલી ડીડીઓનો સંપર્ક કરતા નરોડાના ઠગે પોતે સચિવાલયમાં ડેપ્યુટી ડી.ડી.ઓ.તરીકે અધિકારી તરીકે ફરજ બજાવતો હોવાનું જણાવી યુવતી અને તેના પરિવારજનોને વિશ્વાસમાં લેતા યુવતીએ સચિવાલયમાં નોકરી માટે કોમ્પ્યુટર ફરજીયાત હોવાથી કોમ્પ્યુટર કલાસીસ ચાલુ કર્યા હતા કોમ્પ્યુટર કલાસ ટીચર યુવતીને વાત કરતા તે યુવતી પણ સરકારી નોકરીની લાલચમાં આવી જતા બંને યુવતીઓને વિશ્વાસમાં લઈ ઠગે બંને યુવતીઓ પાસેથી કુલ રૂપિયા ૧૦,૬૧,૦૦૦/- ની છેતરપીંડી કરી પૈસા પોતાના બેંક એકાઉન્ટમાં નખાવી નોકરીના કોઈ ઓર્ડર આપ્યા નથી અને રૂપિયા પણ પરત ન આપતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.પોલીસે ઠગ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા શહેરના કુંભારવાડામાં રહેતી ફાલ્ગુનીબેન હીરાભાઈ પ્રજાપતિ અને સોહાના નામની બંને યુવતીઓને હાલ અમદાવાદ ખાતે રહેતા જીતેન્દ્રભાઈ ચંદુભાઈ પટેલે સચિવાલયમાં કલાર્કની નોકરી આપવાની લાલચ આપી છેતરપીંડી કરાઈ હતી. ફાલ્ગુનીબેન ને ધ્રુપાબેન સાથે મિત્રાતા થઇ હતી અને તેઓએ કહયુ હતું કે સ્ટાફમાં નોકરી કરતા શિક્ષકના ઓળખીતા જીતેન્દ્રકુમાર ચંદુલાલ પટેલ સચિવાલયમા ડેપ્યુટી ડી.ડી.ઓ.તરીકે નોકરી કરે છે અને તેઓ મારા પણ પરીચયમાં છે.જેથી તેઓએ કહેલ કે ગાંધીનગર સચિવાલયમાં કલાર્કની ભરતી થવાની છે મોડાસાની આ બંને યુવતીઓ નોકરી માટે લલચાઈ હતી.અને સચિવાલયમાં કલાર્કની નોકરી માટે ફાલ્ગુનીબેને રૂ.૬,૫૫,૫૦૦/- અને સોહાના એ રૂ.૪,૦૫,૫૦૦/ મળી કુલ રૂપિયા ૧૦,૬૧,૦૦૦/- રૂપિયા તબક્કાવાર જીતેન્દ્રકુમાર ચંદુલાલ પટેલને આપ્યા હતા.પરંતુ દોઢ વર્ષ જેટલો સમયગાળો થયો છતાં નોકરીના કોઈ ઓર્ડર ન મળતાં પોતે છેતરાયા હોવાનું માલુમ પડયું હતું.

સચિવાલયમાં ડેપ્યુટી ડી.ડી.ઓ.તરીકેના અધિકારીની ખોટી ઓળખ આપી વિશ્વાસમાં લઈ ફાલ્ગુનીબેન તથા સોહાના ને સચિવાલયમાં કલાર્કની નોકરી આપવાની લાલચ આપી રૂ.૧૦.૬૧ લાખની ઠગાઈ કરી નોકરીના કોઈ ઓર્ડર આપેલ નહી.અને રૂપિયા પણ પરત ન કરતાં આ અંગે ફાલ્ગુનીબેન હીરાભાઈ પ્રજાપતિ એ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં આરોપી જીતેન્દ્રકુમાર ચંદુલાલ પટેલ (૭૨, માંટા મઢ,સાંથલ,તા.જોટાણા,જી.મહેસાણા) (હાલ રહે.જીઈબી પાછળ,નરોડા, અમદાવાદ) વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી.પોલીસે આઈપીસી કલમ ૪૨૦,૪૦૬,૧૭૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### મૃતકના આંકડા અને હવે પોઝિટિવ કેસના આંકડામા પણ વિલંબ

# અરવલ્લી આરોગ્ય તંત્ર એટલે 'જાદુગરલ્લ, કોરોનાના આંકડાઓ છુપાવવામાં રાજ્યમાં અવ્વલ....!! :

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધતા કહેર વચ્ચે હવે આરોગ્ય વિભાગ જાણે કોરોના સંક્રમણનો શિકાર થયું હોય તેવું લોક ચર્ચાએ જોર પકડ્યું છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસ વધી રહ્યા છે, પણ આરોગ્ય વિભાગ આંકડા છુપાવી રહ્યું છે. વહીવટી તંત્રની દેખરેખ નીચે હવે આરોગ્ય વિભાગ અભ્યાસુ બની ગયું છે. શરૂઆતમાં અરવલ્લી જિલ્લામાં કોરોનાના આંકડાઓ આપવામાં આરોગ્ય વિભાગ સજાગ હતું, પણ જેમ જેમ જિલ્લામાં કોરોનાનો કહેર વધ્યો તેમ તેમ સંક્રમણ જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી તેમજ આરોગ્ય વિભાગમાં પણ પ્રસર્યું, જેથી હવે આંકડાઓ કોરોનાના સંક્રમણમાં આવી ગયા હોય તેવું લાગી રહ્યું છે.

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પંચાયતની આગેવાનીમાં આરોગ્ય અધિકારીઓ પહેલા આંકડાઓ સંપૂર્ણપણે આપતા હતા, પછી ધીરે ધીરે તાલુકાની માહિતી બંધ કરી, એટલે ઓછુ પડતું હતું તો મૃતકોના આંકડા આપવાના બંધ કરી દીધા, એટલું જ નહીં હવે તો પોઝિટિવ કેસના પણ આંકડા જાહેર કરવાનું બંધ કરી દીધું હોય તેવું લાગી રહ્યું છે. આંકડાની માયાજાળમાં આરોગ્ય વિભાગ હવે ગોથા ગાઈ રહ્યું છે, જેથી અધિકારીઓ હવે આંકડાને છુપાવવના જાદુગર બની ગયા છે. જિલ્લામાં કોરોનાના સતત વધતા કહેરને લઇને પણ તંત્ર દ્વારા કોઇ જ નક્કર પગલાં લેવાતા નથી અને કામગીરીની ઉણપને છુપાવવાના કાવતરા ઘડાઈ રહ્યા હોય તેનું પણ હવે લોકો ચર્ચા કરી રહ્યા છે. આરોગ્ય વિભાગને આંકડા જાહેર કરવામાં વાંધો શું આવે છે, તે હજુ સુધી કોઈ સમજી શક્યું નથી. જિલ્લાનું આરોગ્ય વિભાગ એટલી હદે કથળી ગયું છે કે, જિલ્લાની જનતાને વિશ્વાસ રહ્યો નથી અને સારવાર કરાવવા માટે અમદાવાદ, વડોદરા કે ગાંધીનગર સુધી જવાનો વારો આવ્યો છે, કારણ કે, જે તંત્ર આંકડા છુપાવી જાદુગર બની શકે તે કંઈપણ કરી શકે છે, માટે જનતા હવે પોતાની રીતે સારવાર કરાવી આત્મનિર્ભર બની રહી છે, પણ તંત્રને કશુ જ દેખાતું ન હોય તેવું લાગી રહ્યું છે.

આરોગ્ય વિભાગ તબક્કાવાર આંકડાઓ બંધ કરીને સાબિત શું કરવા માંગે છે, તે હજુ સુધી કોઈ સમજી શક્યું નથી, પણ અહીં સવાલ એ થાય છે કે, આંકડા જાહેર નહીં કરાય તો શું કોરોનાના કેસ આવતા બંધ થશે? શું મૃત્યુઆંકમાં ઘટાડો થશે,, કે પછી કોરોનાનું સંકટ ટળી શકશે ? જો કોરોનાના આંકડા જાહેર કરવાથી આ બધુ થઈ શકતું હોય તો આંકડા જાહેર કરવા હિતાવહ નથી. આરોગ્ય વિભાગ આંકડા જાહેર નથી કરતું પણ હવે લોકો સમજી ગયા છે કે, કોરોના પોઝિટિવ કેસનો આંક કેટલે પહોંચ્યો છે, જેથી સોશિયલ મીડિયામાં રોજે-રોજ આંકડાઓ આવી જ જાય છે, જે કદાચ વહીવટી તંત્ર તેમ આરોગ્ય વિભાગ પાસે પહોંચી જતા હશે. સોશિયલ મીડિયા પર ચાલતા કોરોનાના આંકડાથી કહી શકાય કે, જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે જનતાને 'આત્મનિર્ભર' બનાવી દીધા.

# પટવાણ શાળામાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું



અભેસિંહ રાવલ દાહોદ

જનજાતિ કલ્યાણ આશ્રમ દાહોદનાં આરોગ્ય આયામ તથા પટવાણ પ્રાથમિક શાળાનાં સંયુક્ત ઉપક્રમે લીમખેડા તાલુ-કાનાં સી.આર.સી.બાર માં આવેલી આવેલી પટવાણ પ્રાથમિક શાળામાં હાલમાં ચાલતી કોરોનાની વૈશ્વિક મહામારી સામેના રક્ષણ માટે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં આરોગ્ય આયામ દાહોદ નાં જિલ્લામંત્રી તથા સી.આર.સી.કો. ઓર્ડીનેટર.મેહુલભાઈ ચૌધરી,દાહોદ જિલ્લા સહકાર ભારતી મંત્રી કાંતિભાઈ પટેલ,આજુ-બાજુ નાં ગામ ની શાળાનાં શિક્ષકો, શાળા સ્ટાફગણ, હાજર રહ્યા હતાં. પટવાણ ગામ માંથાંની વડીલો,આગેવાનો,મહિલાઓ યુવાનો મળીને કુલ ૧૧૫ જેટલા લોકોએ આ આયુર્વેદિક ઉકાળાનો લાભ લીધો હતો.

# ટીટોઇના અતિ પ્રાચીન કૈલાસપતિ ટેકેરી મંદિરે ધ્વજા રોહણનો કાર્યક્રમ યોજાયો

મોટી ઈસરોલ, તા.૨૫

મોડાસા તાલુકાના ટીટોઇ પ્રાચીન કૈલાસપતિ ટેકરી મંદિરે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો.ટીટોઇ જય ભોલે મિત્ર મંડળ દ્વારા આ વર્ષે પણ પવિત્ર શ્રાવણ માસે ટેકરી મહાદેવજીના પ્રાચીન મંદિરે ભારે ઉમંગભેર

ધ્વજારોહણની કાર્યક્રમ સંપન્ન થયો હતો.

જય ભોલે..ૐ નમઃ શિવાય અને હર હર ભોલેના નાદ ગુંજી ઉઠ્યા હતા.સોશિયલ ડિસ્ટનસિંગ રાખી,માસ્ક પહેરીને શિવભક્તો રોજ અહીં મર્યાદિત સંખ્યામાં આવીને સદા શિવ,આશુતોષ,ભેલેનાથની પૂજા અર્ચના કરી બીલીપત્રો,જળદૂધ ચઢાવી ધન્યતા અનુભવી રહ્યા છે..ઊંચે ટેકરી ઉપર આવેલ ભગવાન ભોળાનાથના આ પ્રાચીન મંદિરે હાલ ચોમાસામાં ટેકરી ઉપર ખીલી ઉઠેલી વનરાજી અને પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે અલૌકિક માહોલ પ્રગટી ઉઠે છે જે અહીં દર્શનાર્થે આવતા ભવિકોમાં ઉત્સાહ રેડે છે..આત્મીય આનંદની અનુભૂતિ કરાવે છે..!!

### વિજયનગર તાલુકાના ૬૦ જેટલા લોકોને

# આડેધડ વીજ બિલો પધરાવાતા તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા કરાયેલી રજુઆત

મોટી ઈસરોલ, તા.૨૫

સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ પછાત વિજયનગર તાલુકાના જુદા જુદા ગામોના સામાન્ય અને ગરીબ ખેડૂતોને

વીજ તંત્ર દ્વારા હજારો રૂપિયાના પુરવણી બિલો પધરાવાતા



આ અંગે ગઈકાલે શુક્રવારે આ તમામ લોકો વિજયનગર ખાતે વીજ કચેરીએ હાથમાં બિલો સાથે પહોંચ્યા હતા અને પોતાની વાજબી રજુઆત કરી ન્યાય આપવા માંગ ઉઠાવી હતી.

કોઈને ૧૨ હજાર, કોઈને ૨૨ હજાર કોઈને ૪૦ હજાર સુધીની મોટી રકમના બિલો આવતા કોરોનાના આ સંકટમાં નવી આ આફતે ગરીબોને ચિંતા અને મુંઝવણમાં મૂકી દીધા હતા.

ગઈ કાલે આશરે ૬૦ માણસો જે ડગલાં, વસાઈ,નવાગામ,પાડેલા, મોજળીયા નેલાઉ ગામોના હતા .

દરમિયાન વિજયનગર તાલુકા ભાજપના પ્રમુખ મયુરભાઈ શાહ પણ તેમને જાણ થતાં વીજ કચેરીએ આવી પહોંચ્યા હતા અને આ ગામોના લોકોની સાથે રહીને અને તેમને સાથે લઈ જઇને સંબંધિત અધિકારીઓ ને રજુઆત કરી હતી.તેમને સંતોષ થાય અને તેમને યોગ્ય ન્યાય મળે તે માટે જીઈબીના નાયબ કાર્યપાલક ઈજનેર કરોવા તથા ભિલોડા જીઈબીના કાર્યપાલક ઈજનેર જોશી સાથે ટેલિફોનિક વાત કરીને આ લોકોની હાજરીમાં આ પ્રશ્નનો નિવેડો લાવવા ચર્ચા કરી હતી અને વીજ સત્તાવાળાઓએ પણ તાલુકા ભાજપના પ્રમુખ મયુરભાઈની રજુઆત અંગે ઘટતું કરવા હૈયાધારણ આપી હતી.જરૂર જણાયે પ્રમુખ દ્વારા ઉચ્ચ કક્ષાએ પણ રજુઆત કરી આ લોકોને ન્યાય અપાવવા પુરા પ્રયત્નો કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

# માણાવદર: પડતર પ્રશ્ને એસટી ના ભારતીય મઝુદર સંધે ધારાસભ્ય ને પાઠવ્યું આવેદનપત્ર



આજરોજ જૂનાગઢ એસટી વિભાગ ના બાંટવા ડેપો ભારતીય મજદુર સંઘ ના હોદ્દેદારો પેથાભાઈ ડાંગર, માંડાભાઈ હુણ, અરજણભાઈ લોખિલ, મેરખીભાઈ તરખાલા , પ્રવિણભાઈ નકુમ દ્વારા માણાવદર વિસ્તાર ના ધારાસભ્ય તથા રાજયના કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા ને ગુજરાત રાજ્ય એસટી ના કર્મચારીઓ ના વિવિધ પ્રેકારના પ્રશ્ર્નોં ઉકેલ લાવવા તથા રાજય સરકાર દ્વારા એસટી ના કર્મચારીઓ ને થતા અન્યાય બાબતે સરકારશ્રીને રજૂઆત કરવા માટે એક લેખિત આવેદનપત્ર પાઠવ્યું હતુ

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# પાટણમાં ઉઠમણું કરનારી ખાનગી નાણાંકીય સંસ્થાઓમાંથી નાણાં પરત અપાવવા માગ

## જન અધિકાર મંચ એજન્ટો અને ગ્રાહક દ્વારા કલેકટર અને ધારાસભ્યને આવેદનપત્ર અપાયું



કોરોના મહામારી વચ્ ગુરૂ ચે વારના રોજ પાટણમાં જન અધિકાર મંચ ગુજરાત દ્વારા પાટણ કલેક્ટર અને ધારાસભ્યને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ક્રેડિટ સોસાયટી જેવી લેભાગું કપનીઓ દ્ વારા જે ગ્રાહકોના પૈસા ડૂબી ગયા છે તે પૈસા પરત લાવવા માટે માંગ કરવામાં આવી છે. જિલ્લામાં કેટલીય ક્રેડીટ સોસાયટીઓના નામજોગ આવેદનપત્ર આપી જન અધિકાર મંચ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

પાટણ જીલ્લામાં ભૂતકાળમાં ક્રેડીટ સોસાયટીઓમાં થયેલ ઉઠાંમણાને લઈ જન અધિકાર મંચે કલેક્ટરને પત્ર લખ્યો છે. જેમાં પાટણ જીલ્લાના ગરીબ અને મધ્યમ વર્ગના લો વર્ગ કોએ બચત કરેલા આશરે ૧૨૦ કરોડથી પણ વધુ રકમ પરત લાવવા માંગ કરાઈ છે. આ સાથે જનતાના પૈસા પડાવી વૈભવી જીવન ગુજારતાં આવા કૌભાંડીઓને ઝડપી પાડવા રજૂઆત કરાઇ છે.

જન અધીકાર મંચ ગુજરાતના પ્રમુખે જણાવ્યુ હતુ યુ કે, ઉત્તર ગુજરાતમાં ભૂતકાળમાં કેટલીક ક્રેડીટ કંપનીઓનું ઉઠામણું થવાથી લોકોના કરોડો રૂપિયા ફસાયા છે. જોકે હાલ કોરોના મહામારી વચ્ ગરીબ લો ચે કોને જીવન જીવવુ મુશ્કેલી હોવાને લઇ જન અધિકાર મંચ મેદાને આવ્યુ છે. સંગઠનના ચંદ્રકાંત જોષી દ્વારા આજે કલેક્ટરને આવેદનપત્ર આપી આ પૈસા પરત લાવવા અને કૌભાંડીઓને ઝડપી પાડવા માંગ કરાઇ છે.

આ સાથે સરકાર જ્યાં સુધી આવા લેભાગું તત્વો અને સંસ્થાઓ ઉપર કડક પગલા ભરી પૈસા પરત નહિ અપાવ ત્યાંસુધી સમગ્ર ગુજરાતના જીલ્લાઓમાં જન અધીકાર મંચ ગુજરાત દ્વારા આવેદનપત્ર આપી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.